RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 79 * Date: 07.01.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-





# ૨૦૧૪ સુધી ૩૫% રેલવે ટ્રેકનું ઈલેક્ટ્રિફિકેશન હતું, હવે ૧૦૦%ની નજીક છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે વીડિયો કોન્ફરન્સ દ્વારા જમ્મુના નવા રેલવે ડિવીઝન અને તેલંગાણામાં ચારલાપલ્લી ન્યૂ ટર્મિનલ સ્ટેશનનું ઉદ્ઘાટન કર્યું હતું. સ્એ ઈસ્ટ કોસ્ટ રેલવેના રાયગઢ રેલવે ડિવીઝન ભવનનો શિલાન્યાસ પણ કર્યો હતો. છેલ્લા દાયકામાં ભારતીય રેલવેમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં એક વિઝિબલ પરિવર્તન આવ્યું છે. તેનાથી દેશની છબી બદલાઈ છે અને દેશવાસીઓનું મનોબળ પણ વધ્યું છે.વડાપ્રધાને કહ્યું- છેલ્લા ૧૦ વર્ષમાં રેલ કનેક્ટિવિટી ખૂબ જ વિસ્તરી છે. ૨૦૧૪ સુધી, દેશમાં માત્ર ૩૫% રેલવે લાઈનોનું ઈલેક્ટ્રિફિકેશન થયું હતું. આજે આપણે રેલવે લાઇનના ૧00% ઈલેક્ટ્રિફિકેશનની નજીક છીએ. છેલ્લા ૧૦ વર્ષમાં ૩૦ હજાર કિમીથી વધુ નવા રેલવે ટ્રેક નાખવામાં આવ્યા છેું- આપણું જમ્મુ અને કાશ્મીર આજે રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નવા રેકોર્ડ બનાવી રહ્યું છે. ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલવે લાઇનની આજે સમગ્ર દેશમાં ચર્ચા થઈ રહી છે. આ પ્રોજેક્ટ જમ્મુ-કાશ્મીરને દેશના અન્ય ભાગો સાથે વધુ સારી રીતે જોડશે. આ પ્રોજેક્ટ હેઠળ વિશ્વના સૌથી ઊંચા રેલવે આર્ચ બ્રિજ ચિનાબનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.અમે ભારતમાં રેલવેના વિકાસને ચાર માપદંડો પર આગળ લઈ જઈ રહ્યા છીએ. પ્રથમ - રેલે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આધુનિકીકરણ, બીજું - રેલવે મુસાફરો માટે આધુનિક સુવિધાઓ, ત્રીજું - દેશના દરેક ખૂણે રેલવેની કનેક્ટિવિટી અને ચોથું - રેલવેમાંથી રોજગારનું સર્જન અને ઉદ્યોગોને ટેકો.વડાપ્રધાને કહ્યું- આજે, તેલંગાણા, ઓડિશા અને જમ્મુ અને કાશ્મીર માટે ઘણા નવા યુગના કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે અને અહીં શિલાન્યાસ કરવામાં આવ્યો છે. આ દર્શાવે છે કે હવે આખો દેશ કદમથી કદમ મેળવીને આગળ વધી રહ્યો છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ' મંત્ર વિકસિત ભારતના સપનામાં વિશ્વાસના રંગો ભરી રહ્યો છે.અત્યાર સુધી આ ડિવિઝન ફિરોઝપુરમાં પડતું હતું જે ઉત્તર રેલવે ઝોનમાં છે, હવેથી તેને જમ્મુ ડિવીઝન કહેવામાં આવશે. આ દેશનો ૬૯મો ડિવીઝન હશે. હાલમાં દેશમાં રેલવેના કુલ ૧૭ ઝોન અને ૬૮ ડિવીઝન છે.આ અંગે કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું કે આ ગર્વ અને ખુશીની વાત છે કે પીએમ મોદી નવા જમ્મુ રેલવે ડિવિઝનનું ઉદ્ઘાટન કરવા જઈ રહ્યા છે. આની માંગ ઘણા સમયથી કરવામાં આવી રહી હતી. તેના દ્વારા કાશ્મીર ઘાટીને બાકીના ભારત સાથે જોડવામાં આવશે.વડાપ્રધાન કાર્યાલયના જણાવ્યા અનુસાર, સોમવારે પીએમ મોદી તેલંગાણામાં ચારલાપલ્લીના નવા ટર્મિનલ સ્ટેશનનું ઉદ્ઘાટન પણ કરશે અને ઈસ્ટ કોસ્ટ રેલ્વેના રાયગઢ રેલવે ડિવીઝન બિલ્ડિંગનો શિલાન્યાસ કરશે.હાલમાં જ રાજ્યમંત્રી ડો. જીતેન્દ્ર સિંહ અને જમ્મુ-કાશ્મીરના અન્ય ઘણા બીજેપી નેતાઓ પીએમઓમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને મળ્યા હતા. આ દરમિયાન ભાજપના નેતાઓએ તેમની પાસે જમ્મુ રેલવે ડિવીઝન બનાવવાની માંગ કરી હતી.

## ભારતમાં ચીનથી ફેલાયેલા HMPV વાઈરસના ત્રણ કેસ, કર્ણાટકમાં બે અને ગુજરાતમાં એક દર્દી



દુનિયાભરને હચમચાવી ચૂકેલા કોરોના વાઈરસની મહામારી બાદ હવે હ્યુમન મેટાન્યૂમો વાઈરસ નામના વાઈરસે ચીનમાં એન્ટ્રી કરીને સૌને ડરાવી દીધા છે. હવે આ વાઈરસના કેસ ત્રણેક ભારતમાં પણ નોંધાયા છે. કર્ણાટકના બેંગ્લુરુની એક હોસ્પિટલમાં આઠ અને ત્રણ મહિનાના બાળકોમાં આ વાઈરસના લક્ષણ જોવા મળ્યા છે. બીજી તરફ, અમદાવાદમાં પણ છઠ્ઠી જાન્યુઆરીએ ચાંદખેડાની એક ખાનગી હોસ્પિટલમાં ૨ મહિનાના બાળકનો શંકાસ્પદ કેસ નોંધાયો છે. કર્ણાટકમાં હ્યુમન મેટાન્યૂમો વાઈરસ ના કેસ મળ્યા હોવાના મીડિયા અહેવાલો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ૈઝસ્ઇ) એ કર્ણાટકમાં હ્યુમન મેટાન્યૂમો વાઈરસ (ૐસ્ફ)ના બે કેસ શોધી કાઢ્યા છે. બંને કેસની ઓળખ નવા શ્વસન વાયરલ સંબંધી બિમારીઓ પર નિયમિત દેખરેખ રાખવા દરમિયાન કરવામાં આવી હતી, જે દેશભરમાં શ્વસન સંબંધિત બીમારીઓથી દેખરેખ માટૈં ઝસ્ઇ દ્વારા ચાલી રહેલા પ્રયાસોનો ભાગ જ છે.સ્વાસ્થ્ય વિભાગે કહ્યું કે 'અમે અમારી લેબમાં તેનો ટેસ્ટ નથી કર્યો. એક ખાનગી હોસ્પિટલમાં આ વાઈરસના કેસની પુષ્ટિ થઈ છે. ખાનગી હોસ્પિટલના આ રિપોર્ટ શંકા કરવાનું કોઈ કારણ દેખાતું નથી. ઉલ્લેખનીય છે કે ૐસ્ફ સામાન્ય રીતે બાળકોમાં ડિટેક્ટ થાય છે. તમામ ફ્લૂ સેમ્પલમાંથી ૦.૭% ૐસ્ફના હોય છે. આ વાઈરસનો સ્ટ્રેઈન શું છે તે હજુ જાણી શકાયું નથી.' આ વાઈરસને હ્યુમન હ્યુમન મેટાન્યૂમો વાઈરસ એટલે કે ૐસ્ફ કહેવામાં આવે છે,

## ૧૦ રાજ્યોમાં ધુમ્મસ, દિલ્હીમાં ૧૦ ટ્રેનો મોડી ઠંડીના કારણે ૨૪ કલાકમાં ૧૫ લોકોના મોત, રાજસ્થાનમાં પારો ૩ ડિગ્રી ગગડશે



પહાડી વિસ્તારોમાં થઈ રહેલી હિમવર્ષાના કારણે મેદાની વિસ્તારોમાં ઠંડીમાં વધારો થયો છે. દેશના ૧૦ રાજ્યોમાં આજે ધુમ્મસનું એલર્ટ આપવામાં આવ્યું છે. સોમવારે સવારે દિલ્હીમાં વરસાદ પડ્યો હતો. ધુમ્મસના કારણે ૧૦ ટ્રેનો મોડી ચાલી રહી છે.ઉત્તર પ્રદેશના લખનૌમાં વિઝિબિલિટી ઝીરો થઈ ગઈ. રાજ્યમાં ૨૪ કલાકમાં ઠંડીના કારણે ૧૫ લોકોના મોત થયા છે. ધુમ્મસના કારણે ૨૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી. કાનપુર રેલવે સ્ટેશન પર ૯૩ ટ્રેનો ૧૧ કલાક મોડી પડી હતી. મધ્યપ્રદેશમાં ૭ જાન્યુઆરીથી ફરી કડકડતી ઠંડીનો સમયગાળો શરૂ થશે. ૧૦ જાન્યુઆરીએ રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં વરસાદની સંભાવના છે. સોમવારથી રાજસ્થાનમાં તાપમાનમાં તીવ્ર ઘટાડો થઈ શકે છે. દિવસ અને રાત્રિના તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. કોલ્ડવેવની પણ અસર જોવા મળશે.મધ્યપ્રદેશમાં તાપમાનમાં ઘટાડો થશે. રાજસ્થાનમાં વરસાદની શક્યતા છે. દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, પંજાબ, હરિયાણામાં ધુમ્મસ રહેશે. હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં હિમવર્ષા થશેતમિલનાડુ-પુડુચેરીમાં વરસાદની સંભાવના છે. ઉત્તર ભારતના રાજ્યોમાં ધુમ્મસ રહેશે. હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં હિમવર્ષા થશે.

## તંત્રી લેખ....

# શેર બજાર અચાનક ધડામ, સેન્સેક્સમાં ૧૧૦૦ તો નિફ્ટીમાં ૩૫૦ પોઈન્ટથી વધુનો કડાકો

નવા વર્ષમાં શેર બજાર આકર્ષક ખૂલ્યા બાદ સપ્તાહની શરૂઆત નકારાત્મક રહી છે. સેન્સેક્સ સુધારા તરફી ખૂલ્યા બાદ ૧૧૦૦થી વધુ પોઈન્ટ ગગડયો છે. જ્યારે નિફ્ટી૫૦ પણ ૩૫૦થી વધુ પોઈન્ટ તૂટ્યું છે. ડોલર સામે રૂપિયો ૫ પૈસા તૂટી વધુ નવી રેકોર્ડ ૮૫.૮૪ના તળિયે ટ્રેડ થઈ રહ્યો છે.૧૧.૫૦ વાગ્યે નિફ્ટી૩૬૧ પોઈન્ટ તૂટી ૨૩૬૪૩.૭૫ પર જ્યારે સેન્સેક્સ ૧૧૩૯.૭૫ પોઈન્ટ તૂટી ૭૮૦૮૩.૩૬ પર ટ્રેડ થઈ રહ્યો હતો. ઓટો, મેટલ, રિયાલ્ટી, પાવર શેર્સમાં મોટા ગાબડાં સાથે શેરબજાર કડડભૂસ થયા છે. વૈશ્વિક સ્તરે પણ ડોલર ઈન્ડેક્સ અને યુએસ યીલ્ડ સતત તેજી સાથે આગેકૂચ કરી રહ્યા છે. જેની સામે રૂપિયો તળિયે ઝાટક થયો છે. બીજી તરફ રોકાણકારો હવે હોલિડે મૂડમાંથી બહાર આવ્યા છે. જેની અસર માર્કેટ સેન્ટિમેન્ટ પર થઈ છે. વિદેશી રોકાણકારો પણ જ્યાં સુધી ડોલર ઈન્ડેક્સ અને યુએસ યીલ્ડમાં તેજી સ્થિર નહી થાય ત્યાં સુધી વેચવાલી નોંધાવશે, તેવો સંકેત માર્કેટ નિષ્ણાતો આપી રહ્યા છે. ઈન્ડિયા વોલેટિલિટી ઈન્ડેક્સ ૬ ટકા ઉછળ્યો છે.શેરબજારમાં સાર્વત્રિક વેચવાલીનો માહોલ જોવા મળ્યો છે.

# કેરળઃ મુસાફરોથી ખીચોખીચ ભરેલી બસ ૩૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી, ૪ મોત, અનેક ઈજાગ્રસ્ત

કેરળના ઈડુક્કી જિલ્લાના મુંડક્કયમમાં KSRTC ની એક બસની સાથે દુર્ઘટના ઘટી. મુસાફરોથી ભરેલી બસ ખીણમાં પડી જવાથી ચાર મુસાફરોના મોત નીપજયા અને ઘણા અન્ય ઈજાગ્રસ્ત થઈ ગયા. ઘટનાનો શિકાર થયેલી બસમાં ૩૪ મુસાફર અને ત્રણ કર્મચારી સવાર હતા. તમામ મુસાફર મવેલિક્કારા વિસ્તારના રહેવાસી હતા. KSRTCની બસ તમિલનાડુના તંજાવુરમાં ટૂર લઈને મવેલિકરા પરત ફરી રહી હતી.આ દુર્ઘટના આજે એટલે કે સોમવારે સવારે



લગભગ ૦૬.૧૫ વાગે થઈ. જાણકારી અનુસાર બસે એક વળાંક પર નિયંત્રણ ગુમાવી દીધું અને ૩૦ ફૂટ ઊંડી ખીણમાં જઈ પડી. દુર્ઘટના બાદ ઘટના સ્થળે રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવ્યું.

પોલીસે જણાવ્યું, 'સોમવારે સવારે પહાડી જિલ્લામાં પુલ્લુપારા નજીક એક સરકારી બસ ખીણમાં પડી જવાથી એક મહિલા સહિત ત્રણ લોકોના મોત નીપજયા અને ઘણા અન્ય ઈજાગ્રસ્ત થઈ ગયા. બસ ૩૪ મુસાફરોને લઈને તમિલનાડુના તંજાવુરની યાત્રા બાદ અલપ્પુઝા જિલ્લાના માવેલિકરા ફરી રહી હતી, ત્યારે સવારે લગભગ છ વાગે આ દુર્ઘટના થઈ. મૃતકોના મૃતદેહોને મુંડાકાયમના એક પ્રાઈવેટ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે અને પોસ્ટ મોર્ટમ બાદ તેમને પરિવારજનોને સોંપી દેવામાં આવશે. બચાવ અભિયાન માટે પોલીસ અને ફાયર બ્રિગેડ અને બચાવ સેવા કર્મચારીઓને તાત્કાલિક તહેનાત કરવામાં આવી.

# ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની સામાજિક જવાબદારી નિભાવતા અનોખા દ્રઈૈં લગ્ન આણંદ ખાતે યોજાયા




હાલમાં દ્રઈૈં ની લગ્નની મોસમ પૂરબહારમાં ચાલી રહી છે ત્યારે વિદેશ માં રહી ને પણ દેશના યુવાધન ની ચિંતા કરે છે એવા રાજેન્દ્રકુમાર દવે ની લાડકી દીકરી ભૂમિ કે જે વિદેશમાં અભ્યાસ દરમ્યાન કેનેડા સેટ થઈ નેૈંજીઇ માં વસવાટ કરતા સુનીલ ભાઈ શાહ ના દીકરા શિવાંગ સાથે વિવાહ પાર્ટી પ્લૉટ ના સુશોભિત મંડપમાં "શિવ કી ભૂમિ" સાથે ચાર ફેરા ફરવા આવી પહોંચેલ. પરંતુ બંન્ને યુવાધનને દેશમાં વસતા દેશ બાંધવોની ચિંતા સતત સતાવી રહેતી હતી. અવાર નવાર ન્યૂઝ પેપર માં સાઈબર ક્રાઈમ તેમજ છાશવારે અકસ્માત ના તેમજ દિકરીઓ ની શારીરિક સતામણીના સમાચાર વાંચવામાં આવતાં સમાજમાં તે માટેની અવર્નેસ માટેનો સંદેશો પોતાના લગ્ન માં પધારનાર સૌ ને એક પોઝીટીવ મેસેજ પાઠવવા ના ઉમદા હેતુસર આ અંગેનું બેનર મંડપ પરિસરમાં લોક નજરે પડે તે રીતે પ્રવેશદ્વાર માં ગોઠવી ને સમજણ સાથેનો સંદેશ મુકવામાં આવ્યો. એટલું જ નહિ બેનર સાથે વરરાજા શિવાંગ કુમાર જાતે ઉભા રહી આમંત્રિતો ને આવકારતા દૃશ્યમાન થઈ રહ્યા છે. તેમની કંકોત્રીમાં પણ ઉપયોગી સામાજિક સંદેશ અને સાયબર ફ્રોડ ન થાય તે માટેના ઉપાયો પ્રસિદ્ધ કર્યા હતા.

ત્યારે ખરેખર કહેવાય કે ★ફિરભી દિલ હૈ હિન્દુસ્તાની★

# વિધાનસભા અધ્યક્ષ નવિન થરાદ જિલ્લાની મુલાકાતે

બનાસકાંઠા જિલ્લાનું વિભાજન થતાં અસ્તિત્વમાં આવેલ થરાદ જિલ્લાની આજે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી મુલાકાત લેતા આ તબક્કે થરાદ,વાવ સહિતના સ્થાનિક રાજકીય,સહકારી આગેવાનો,સ્થાનિક પ્રજાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભારત માતા કી જય અને વંદે માતરમ્ ના નારા સાથે સ્વાગત કરી ઉમળકાભેર આવકાર્યા હતા.આ તબક્કે અધ્યક્ષ શંકર ચૌધરીએ થરાદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યા બાદ તેના વિકાસને બુલેટ ગતિએ વેગ મળશે અને જિલ્લાના છેવાડાના નાગરીકને પણ રાજ્ય સરકારની વિવિધ યોજનાનો ઘર આંગણે લાભ ઉપલબ્ધ થશે તેવો આશાવાદ તેમને વ્યક્ત કર્યો હતો.

# છત્તીસગઢમાં નવ જવાન શહીદ, આઠ ઈજાગ્રસ્તઃ નક્સલીઓએ કર્યો IED બ્લાસ્ટ

છત્તીસગઢના બીજાપુરમાં નક્સલવાદીઓએ મોટો હુમલો કર્યો છે. જેમાં આઈઈડી બ્લાસ્ટમાં નવ જવાનો શહીદ થયા છે. જ્યારે અન્ય આઠ ગંભીર રૂપે ઈજાગ્રસ્ત છે. નક્સલ વાદીઓએ કુટરૂ માર્ગમાં સુરક્ષા દળના વાહનને ટાર્ગેટ બનાવ્યો હતો. સુરક્ષા દળો નક્સલ પ્રભાવિત વિસ્તારો દંતેવાડા, નારાયણપુર અને બીજાપુરમાં નક્સલીઓ વિરૂદ્ધ ઓપરેશન પતાવી પરત ફરી રહ્યા હતા. બપોરે ૨.૧૫ વાગ્યે કુટરૂ




પોલીસ સ્ટેશનના અંબેલી ગામ નજીક નક્સલીઓએ IED બ્લાસ્ટ કરી સુરક્ષા દળનું વાહન ઉડાવી દીધુ હતું.છત્તીસગઢમાં સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે છેલ્લા કેટલાક દિવસથી અથડામણ ચાલી રહી છે. ગઈકાલે અબૂઝમાડ ક્ષેત્રમાં સુરક્ષા દળો અને નક્સલ વાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં ચાર નક્સલ વાદીઓ ઠાર થયા હતાં. તેમના શબ જપ્ત કરવામાં આવ્યા હતાં. આ અથડામણમાં સુરક્ષા દળોએ એકે-૪૭ અને એસએલઆર સહિત ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા હતાં.

# ગાંધીનગર ખાતે કચ્છ વાગડ ઠાકોર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર કચ્છ વાગડ ઠાકોર સમાજ સેવા ટ્રસ્ટ નો પ્રથમ સ્નેહ મિલન સમારોહ મોટા ચિલોડા ખાતે આયોજન કરવામાં આવતા જેમા કચ્છ રાપર કોલી ઠાકોર સમાજ પ્રમુખ કાનજીભાઈ ગોહિલ, તેમજ ગાંધીનગર કચ્છ વાગડ ઠાકોર સમાજ પ્રમુખ શ્રી રધુભાઈ ગોહિલ ઉપપ્રમુખ કાનજી ભાઈ પગી તેમજ રાધનપુર, સમી, સામખાયરી, ભચાઉ, ગાંધીધામ, ભુજ,મુંબઈ થી પ્રમુખ તેમજ ગુજરાત ભરમાથી કચ્છ વાગડ ઠાકોર સમાજ ના ભાઈઓ પધારેલ સ્નેહમિલન સમારોહમા એકબીજાને નાવા વર્ષની શુભેચ્છા આદાન -પ્રદાન કરી હતી.સમાજ આગેવાનો એ સમાજ સંગઠીત બને,સૌ ભાઈ-બહેનો શિક્ષિત બને અને વ્યસન મુક્તિ ઉપર ભાર મુકી સૌને વ્યસન થી દુર રહેવા અપિલ કરી હતી.

# ઢીમા ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

થરાદ તાલુકાના ઢીમા ખાતે શ્રી સંત સેનજી મહારાજ મંદિરના પ્રાગણમાં નાઈ સમાજના જાગૃત યુવાનો અને વડીલો થકી નાઈ સમાજ ધર્મશાળા દ્વારા આદર્શ વોલન્ટરી બ્લડ બેન્ક થરાદ ના સહયોગ થકી આ મહા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવતા નાઈ સમાજ બ્લડ ડોનેશન કેમ્પ સમાજના યુવાનો અને વડીલો સ્વેચ્છાએ બ્લડ ડોનેટ કરીને આ કેમ્પ ને સફળ બનાવ્યો હતો.જે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં મોટી સંખ્યામાં સમાજના લોકો આવીને રક્તદાન એ મહાદાન છે, એ સંદેશા થકી બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી રક્તદાન કરીને કેમ્પ દ્વારા પ્રાપ્ત થયેલ બ્લડને બ્લેડ બેંકમાં જમા કરાવી જરૂરતમંદ દર્દીને પુરુ પાડવા અપિલ કરી હતી.

# સલાટપુર પાસેથી ઈગ્લિંશ દારૂના જથ્થા સાથે બે ની અટકાયત,બુટલેગરોમાં ફફડાટ

અમદાવાદ મોડાસા સ્ટેટ હાઈવે ઉપર આવેલ તલોદના સલાટપુર પાસેથી સ્થાનિક પોલીસે બાતમીના આધારે કારમાંથી કુલ રૂ.૧૨૬૨૦ના ઈગ્લિશ દારૂના જથ્થા સાથે બે ઈસમોની અટકાયત કરી કુલ પાંચ ઈસમો વિરૂદ્ધ પ્રોહિબિશન હેઠળ ગુનોં નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે તલોદ પોલીસ સ્ટેશનના જવાનો પેટ્રોલીગમાં હતા.જે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળી હતી કે જવાનપુરા થી સલાટપુર જતાં રોડ ઉપરથી એક મહિન્દ્રા કંપનીની કેયુવી કાર ઈગ્લિશ દારૂનો જથ્થઓ ભરીને પસાર થવાની હોવાની બાતમીના આધારે સ્થાનિક પોલીસે સલાટપુર પાસે પ્રોહિબિશન વૉચ સઘન કરી બાતમી મુજબની કાર પસાર થતાં તેને થોભાવી કારમાં તલાશી લેતા પ્લાસ્ટીક ની થેલીઓમાંથી બિયર ટીન,ઈગ્લિશ દારૂની બોટલ નંગ .૧૧૨ જેની કિ.રૂ.૧૨૬૨૦તથા કારની કિ.રૂ.૩ લાખ મળી કુલ રૂ.૨.૧૨.૬૨૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર ચાલક રણજીત અમરસિંહ ઝાલા,નટવરસિંહ પરબતસિંહ ઝાલા ,ઓમકારસિંહ રણજીતસિંહ ઝાલા,નિકુંજ નટવરસિંહ ઝાલા તમામ રહે.પોયડા,તા.તલોદ તથા રોઝડ પાસેથી દારૂ ભરી આપનાર ઈસમ સહિત પાંચ વિરૂદ્ધ પ્રોહિબિશન હેઠળ ગુનોં નોધી કાયદેસરની કાર્યવાહી કરતા ઈગ્લિશ દારૂની હેરાફેરી અને વેચાણ કરતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

# અંબાજી ખાતે યુનિવર્સિટી કક્ષાનો યુવા મહોત્સવ યોજાયો



બનાસકાંઠા જિલ્લાના યાત્રાધામ અંબાજી ખાતે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા આયોજીત યુવા મહોત્સવમાં રમત ગમત સ્પર્ધામાં સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના મુડેટી સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ કરતા છાત્રાઓ ભાગ લેતા ૧૩ જેટલા છાત્રો વિવિધ સ્પર્ધામાં સિલ્વર મેડલ ,તથા ૩ છાત્રાઓ સંસ્કૃત સુભાશિષમાં ગોલ્ડ મેડલ મેળવી ,એક છાત્ર કબડ્ડી સ્પર્ધામાં ટ્રોફી મેળવી મુડેટી પાઠશાળા,તાલુકા, અને જિલ્લાનું નામ રોશન કરવા બદલ શાળા સ્ટાફ પરિવાર,સમાજ અગ્રણીઓ તમામ છાત્રોને ઉત્કૃષ્ઠ દેખાવ કરી સંસ્થાનું નામ રોશન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# શંકરાચાર્ય ગુરૂકુળના બે વિદ્યાર્થીઓ કાંસ્ય ચંદ્રક મેળવ્યો



શ્રી શંકરાચાર્ય ગુરુકુળ ના વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ સિદ્ધિ ની ઝાંખીતાજેતરમાં શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય તથા શ્રી અંબિકા સંસ્કૃત મહાવિદ્યાલય ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ૧૮ માં યુવક મહોત્સવનું અંબાજી ધામ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ગુજરાતની ૪૦ થી વધુ મહાવિદ્યાલય ના ૬૫૦ થી વધુ ઋષિ કુમારો ૪૬ જેટલી શૈક્ષણિક અને શારીરીક સ્પર્ધાઓમાં ભાગ લીધેલ જેમાં શ્રી શંકરાચાર્ય ગુરુકુળના બે વિદ્યાર્થીઓ દ્વારા બેડ મિન્ટન ડબલ સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાં તૃતીય ક્રમાંક સાથે કાંસ્ય પદક પ્રાપ્ત કરી ગુરુકુળનું ગૌરવ વધારવા બદલ પૂજ્ય બ્રહ્મચારી શ્રીનારાયણાનંદજીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

# દેવકરણના મુવાડા સીમમાં દારૂ ઝડપાયો

દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા થી દેવપુરા જતાં રોડ સાઈડની ગૌચર ખુલ્લી જમીનમાં રાહુલ ઉર્ફે હની દિપક ઠાકોર ઈગ્લિશ દારૂનું વેચાણ કરી રહ્યો હોવાની બાતમીના આધારે સ્થાનિક પોલીસે રેડ સ્થળ ઉપરથી પાંચ બેટલ દારૂનો જથ્થો ઝડપી પાડી પ્રોહિબિશન હેઠળ ગુનોં નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# ગાંભોઈ કોલેજ ખાતે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો




હિંમતનગર તાલુકાના ગાંભોઈ ખાતે આવેલ જનજાગૃતિ સેવા સંસ્થાન દ્વારા સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ માં જનજાગૃતિ અભિયાન અંતર્ગત કાર્યક્રમ નું આયોજન કરવામાં આવતા સંસ્થાના અધ્યક્ષ ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ(પૂર્વ સાંસદ સાબરકાંઠા),મહામંત્રી વિનાયક ભાઈ મહેતા તથા ઉપાધ્યક્ષ ચૈતન્યભાઈ ભટ્ટ તથા કોલેજના આચાર્ય ગાયત્રીબેન દ્વારા વ્યસન મુક્તિ, અંધશ્રદ્ધા નિવારણ, અસ્પૃશ્યતા નાબુદી, તથા મૂલ્ય શિક્ષણ અંગે સુંદર વાર્તાલાપ કરવામાં આવ્યો હતો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS 321**
વિષય. વીતેલા વર્ષો ની યાદો
શીર્ષક. ખાટીમીઠી યાદો
શબ્દ. ૧૬૧ પ્રકાર.. ગદ્ય

વીતેલા વર્ષો ની યાદો હંમેશા જીવનમાં એક ખાસ સ્થાન ધરાવતી હોય છે. એ યાદો જીવનના મીઠા પળો, સંઘર્ષના દિવસો, અને સફળતાના મુકામો લઈને આવે છે.

શાળાના દિવસો, જ્યાં નિર્દોષ હાસ્ય અને મિત્રોની સાથે વિતાવેલા કલાકો હજીયે તાજા લાગે છે. યુવાનીના સપના ભર્યા દિવસો, જ્યાં જીવનમાં બધું શક્ય લાગતું હતું.

કોઈ જુના મિત્ર સાથેના કિસ્સા, પરિવાર સાથેના તહેવારો, અને તમારા પ્રિયજનો સાથે વિતાવેલો સમય તમને હંમેશા આનંદ આપે છે. કેટલીક વાર એ યાદો દુ:ખદ ક્ષણોને પણ યાદ અપાવે છે, જેને તમને મજબૂત બનાવી દીધા હોય છે
અને આવી યાદો જીવન જીવવાનું પ્રેરકબળ પૂરું પાડે છે
ઘણું શીખવાનું મળ્યું હોય છે એમાંથી
વીતેલા વર્ષો તો આપણે ક્યારેય પાછા નથી લાવી શકવાના પણ એ યાદો જીંદગી ભર આપણી સાથે રેહવાની છે અને આ ખાટીમીઠી યાદો જીવન ની એક એવું ભાથું બની જાય છે કે જ્યાં તમે ફક્ત યે યાદો ના સહારા સાથે બાકીની આગળ ની જીંદગી પણ પૂરી કરી શકો છો
લેખિકા.. સુચી રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 142**
વિષય : વીતેલા વર્ષની યાદો
શીર્ષક : શું કરું!?
પ્રકાર : પદ્ય શબ્દો : ૭૫

દુ:ખ વચાળે ગુજરી ગયેલી, કાલનું શું કરું!?
તરછોડી-તડપાવી કરેલા, દિલે-હાલનું શું કરું!?

હાર કે જીત, ખુશી કે દર્દ, જિંદગી છે પ્રશ્નાર્થ,
ના મળ્યા જવાબ જેના, એ સવાલનું શું કરું!?

તારા ગયા પછી, જે વધ્યો છું એ હું નથી,
દર્દ, આંસુ અને દિલના, મલાલનું શું કરું!?

એક તરફ દિવાળી, ને બીજી બાજુ હોળી,
હવે દિલ મ્હી સળગતી, મશાલનું શું કરું!?

"શૈલ" બની જાત જેને, સંભાળવી છે મુશ્કેલ,
ભીતરમાં હૈયાની ઉધમાતી, ધમાલનું શું કરું!?

શૈલેષ ભોઈ "શૈલ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS No : 230**
વિષય : વીતેલા વર્ષની યાદો
શીર્ષક : સુખની સરિતા
પ્રકાર : ગદ્ય શબ્દો : ૩૫૦

૨૦૨૪ વીતી ગયું ! શું વીતેલા દિવસો વાગોળવા જોઈએ ? હા , જરૂર જો એ દિવસોમાં મીઠાશ હોય , પ્રેમ હોય અને સુખ હોય . ૨૦૨૪ વર્ષ ઘણું સારું ગયું . સારું ગયું એટલે વાગોળવાનું મન થયું . જાન્યુઆરીમાં ભારતથી અમે પરત થયાં. કારણકે જાન્યુઆરીની નવમી તારીખે મારા પોત્રા ઈહાનની બર્થડે પાર્ટી હતી . પ્લેનના મ્યુઝિયમમાં આ પાર્ટી ગોઠવાઈ હતી . ચાઈનીઝ ફૂડ અને અને પ્લેનનું મ્યુઝિયમ જોવાની મજા પડી. ઈહાન ૧ જાન્યુઆરીએ બપોરે એક અને એક મિનિટે જન્મ્યો છે . એની બે વર્ષની સાલગીરાહ મસ્ત ઉજવાઈ .

પછી ઓગષ્ટ મહિનામાં અમે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ ફરવા ગયાં. આ પ્રવાસમાં ખૂબ ખૂબ આનંદ આવ્યો . ૨૦ દિવસની ટૂર હતી . બંને દેશમાં ફરવાની ખૂબ મજા આવી. આ બંને દેશ જોવાલાયક છે . બંનેની સુંદરતા અવર્ણીય છે . ગ્રુપ પણ અસરૂં હતું અને ગાઈડ પણ મારા ગામ મહુવાનો હતો .

ઓક્ટોબર મહિનામાં અમે 'હવાઈ માવી' ગયાં. માવી એ હવાઈનું એક આઈલેન્ડ છે . હવાઈ પણ ખૂબ સુંદર છે . અમે અમારાં મિત્ર મુકેશભાઈ શાહ અને ભારતી શાહ સાથે ગયાં હતાં. ત્યાંના કુદરતી સૌંદર્યથી હું તો મુગ્ધ થઈ ગઈ હતી . ચારે તરફ સમુદ્ર અને આસમાની રંગનું પાણી . પહાડો અને ચારે તરફ હરિયાળી . એમ જ લાગે કે જન્નત અહીં જ છે . સૌથી વધારે અમે એક માઉન્ટેઈન પર સૂર્યાસ્ત જોયા ગયાં હતાં,તે નજારો હું ક્યારેય નહિ ભૂલું ! કુદરતે શું સૌંદર્ય બિછાવ્યું છે . તે કેટલો સુંદર હશે !

અવનિ પુષ્પોથી ભરી તે કેટલો સુંદર હશે!
વ્યોમની એ તો પરી તે કેટલો સુંદર હશે!

વૃક્ષની છાયા નમી વંદન કરે ઈશ્વર તને
પ્રીત પર્ણોથી ઝરી તે કેટલો સુંદર હશે!

ઓસ થી ફૂલો મહેંકે ભાન ભમરા ભૂલતા
કૂમળી કળીઓ ડરી તે કેટલો સુંદર હશે!

આસમાની ચૂંદડી ઓઢી ધરા સોળે સજી
ચાંદની પણ પાથરી તે કેટલો સુંદર હશે!

લાલ પીળાં રંગબેરંગી જો પંખી શોભતા
ગાન લેતા મન હરી તે કેટલો સુંદર હશે!

વૃક્ષ ઊભું છે જટાયુ સમ ઘવાઈ એકલું
કૈં તપસ્યાઓ કરી તે કેટલો સુંદર હશે!

ઘૂઘવાતો ઉદધિ જો ગાય ગાથા શ્રેષ્ઠની
ઓ નદી જા જળ ભરી તે કેટલો સુંદર હશે!

ઝળહળે આકાશ આખું સૂર્ય લાલી માં થકી
સિંદૂરી સંધ્યા સરી તે કેટલો સુંદર હશે!

શબ્દ પુષ્પોનાં કવન 'સપના' જશે છોડી અહીં
જિંદગી જેને ધરી તે કેટલો સુંદર હશે!!
સપના વિજાપુરા
કેટલું સુંદર વર્ષ !

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 345**
વિષય: વીતેલા વર્ષની યાદો
શીર્ષક: હૈયે હામ
પ્રકાર : પદ્ય - શબ્દો: ૧૦૧

મારા મનમાં રહી ગઈ, વીતેલા વર્ષની યાદો.
દિલમાં એક સ્વપ્ન, સમય સાથે હું ચાલુ,
રાત પડેને રૂડું સોણલું જોતી,આવશે કિનારો.

સવાર પડેને નિંદ્રાની જેમ ઉડી જતા ખ્વાબો,
દિવસ રાત અને વીતી જતો વર્ષનો સમયગાળો.

પાણીના રેલા જેમ વહેતો યાદોનો સથવારો,
વળી, હંમેશની જેમ જૂનું વર્ષ જતુંને નવું આવતું.

આપણેય પણ ક્યાં થાકતા ભરી નવો જુસ્સો,
હૈયે હામને શ્રદ્ધાના હલેસે, જોતા નવી રાહો.

નવું વરસ, મન મારું સરસ,
વીતી ગઈ વેળાને યાદ રહી વાતો.

ભૂલ્યો ભુલાય ના લાગણીની નાતો,
મારા હદયમાં એજ ટહુંકો મીઠો.

હંસા ઝાલા"લાગણી"સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય - વીતેલાં વર્ષની યાદો.
શીર્ષક - સુનહરી યાદો.
પ્રકાર - પદ્ય, શબ્દો - ૮૫.
........................................

વીતેલા વર્ષોની સુનહરી યાદો, સુખદ યાદોનો ગુલદસ્તો બનાવીએ,
વીતેલા વર્ષોની પણ એક દાસ્તા અનોખી,
ભૂલોથી શીખીએ નવીનતા ..!

જે વીતી ગયું એને મનમાં ના લઈએ ,
ખાટી મીઠી યાદો સંસાર રચી ગયું ,
ને ઈતિહાસ બનાવી ગયું ,
ઉમ્મીદથીર પ્યારથી રચાવ્યા દીકરી ના લગ્ન...!

રાતોની પેલી મુલાકાતો એની, ક્યારેય ન ભુલાય હસીન રાતો,
સાથે દીકરીના રિસેપ્શનની યાદો, રચાવી દીધો પ્રેમનો ઈતિહાસ...!

લોકો યાદોમાં આજે પણ ખોવાણા,
વીતેલાં પેલો ખૂબ યાદગાર રહી ગયી,
પોતાની પ્રેમ ભરી ખુશ્બુ મહેકાવી ગઈ ,
મહોબતમા ખોવણા એ દીકરીને જમાઈ...!

પાપા દીકરીને સમજે એ પુરી દુનિયા યાદ રાખશે..!

રાગિની શુક્લ "રાગ"મુંબઈ, કાંદિવલી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog Sso No: 229**
વિષય: વિતેલા વર્ષની યાદો
શિર્ષક:સુંદર સ્મરણોની રંગીન રંગોળી
પ્રકાર: પદ્ય શબ્દો: ૧૫૦

સમય સરતા ઘણુંયે કહે છે, સુણતાં જ વીતી જાતું વરસ છે,નવું વરસ અધિક સરસ છે, હેતની હૈયે મીઠી તરસ છે,

સમય સર્યો તે સુંદર હતો , આવશે તે સુખ જ લાવશે, આશાઓ આપણી ફરતી રહેશે,એવું વિચારો, સઘળું જ ફાવશે,

તારી યાદે સોનેરી શમણાં રચાય છે,હૈયુ હરખાતાં આંખો છલકાય છે,માણેલી પળો સંગે રંગીન રઢીયાળી, રૂપેરી યાદોની રંગોળી પુરાય છે,

લાગે ન થાક જેને,રહેતો જે દોડતો, સમયની ગતિ સદા રહેતી નિરંતર,ઉપકારો સાચે ન થાતાં નકામા, સેવાના કામો જે કર્યા રે સદંતર,

શાણી ને સાચી છે,વડીલોની વાતો, ક્યારેક ફુરસદથી તમે તેને માનો,કેવી અનેરી અનુભવની સોગાદો વીતેલા વર્ષોનો બેજોડ ખજાનો,

પકડી શકો તો પકડી જ લેજો, સમયને સુપેરે જકડી જ લેજો, છટકવાની કોશિશ કરતું કોઈ,તમે તેને પ્રેમે મનાવી દેજો,

કહે છે "પ્રપાશી"ના બનશો કૃતજ્ઞની,ભલુંજો કરો તમે સુખ સંગે લાવશે,લાગણીથી કરેલું ન જાતું નકામું પ્રભુ યાદ રાખીને બમણું જ આપશે..!!!

કવિ -"પ્રપાશી" પરેશ મ. પાઠક.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 0059**
વિષય :વિતેલા વર્ષની યાદો.
શીર્ષક : ફરી ફરી યાદ
પ્રકાર : પધ્ય-શબ્દો ૮૬

સૃષ્ટિની રચના ઈશ્ર્વરે એવી કરી ઊગે તે
આભાર - નિહારીકા રવિયા આથમે પણ યાદ રહે અમીટ

આજ હતુ,તે કાલે વિતેલુ
પણ તેની યાદ કોઈથી કદી ન ભૂલાઈ

આજનો વર્તમાન બને કાલે ભૂતકાળ છતા તેની રહે કાયમ યાદ

છે સૃષ્ટીની ઘટમાળ
એવી જે આવે તે જાય
તો પણ રહે યાદ

આજનુ જીવંત, તે કાલે પામે મૃત્યુ તો પણ કાયમ
રહે દીલ મા યાદ

પ્યારે ચક્ર જીવન તણુ
જન્મે તે જાય ને રહી જાય તેની મધુર યાદ

સમય પરિવર્તનશીલ વર્ષો બાદ યાદ ને ફરિ યાદ કરતો જાય.

લેખક જયકાન્ત ઘેલાણી...પ્યારે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 169**
વિષય - વીતેલા વર્ષની યાદો
શીર્ષક - મીઠી યાદો
પ્રકાર - પદ્ય શબ્દો - ૭૦

મીઠી ને મધુરી અપરંપાર યાદો
વીતેલા વર્ષની અનેકાનેક વાતો.

આવ્યું એવું ઝડપે દોડ્યું,
સુખદુઃખ સંગ સંગ ચાલ્યું.

ભેટસોગાદ અનેક આપી ગયું,
આશા ને અરમાન લઈને વહ્યું.

હોઠો પર સ્મિત રૂડું આપી ગયું,
દિલમાં અપાર દર્દ છુપાયું છાનું.

વીતેલા વર્ષનાં અનેક સંભારણા,
સબંધો શોભી ઉઠ્યાં સોહમણા.

લતાબેન ચૌહાણ.. "સોનાવેલ".. ગોધરા

## ભુજમાં બોરવેલમાં ખાબકેલી યુવતીના કેસમાં નવો વળાંક, આપઘાતનો પ્રયાસ હોવાની શક્યતા

ભુજના કંઢેરાઈ ગામે આજે (છઠ્ઠી જાન્યુઆરી) વહેલી સવારે ૬ વાગ્યે એક યુવતી ૫૦૦ ફૂટ ઊંડા બોરવેલમાં ગરકાવ થઈ હતી, હાલ મ્જીહ્ન, ફાયર બ્રિગેડ સહિતની વિવિધ ટીમો દ્વારા રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. યુવતી હાલ બોરવેલમાં ૪૬૦ ફૂટ પર ફસાઈ છે. આ ઘટનાને લઈને ચોંકવનારી વિગતો સામે આવી છે. બોરવેલ બંધ હોવા છતાં જે રીતે ઘટના બની છે તે જોતા યુવતીએ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાની આશંકા સેવવામાં આવી રહી છે. યુવતીની ૫ મહિના પહેલા સગાઈ થઈ હતી, ગઈકાલે તેણે તેના મંગેતર સાથે ફોન પર વાત કરી હતી, કદાચ બન્ને વચ્ચે મનદુ:ખના કારણે યુવતીએ આ પગલુ ભર્યુ હોવાની આશંકા જતાવાઈ રહી છે.મળતી માહિતી અનુસાર, ૨૧ વર્ષની યુવતીનું નામ ઈન્દ્રાબેન કાનાજી મીણા છે, જે મૂળ રાજસ્થાનના પ્રતાપગઢની વતની છે. વાડી માલિક રમેશભાઈ ઠક્કરને ત્યાં યુવતીનો પિતરાઈ ભાઈ વર્ષોથી કામ કરે છે. યુવતીના માતા પિતા નાનપણમાં ગુજરી ગયા હતા, જેથી તે તેના પિતરાઈ ભાઈ સાથે જ વર્ષોથી રહે છે. વહેલી સવારે ૫ વાગ્યે બે બહેનો બાથરૂમ જવા બહાર નીકળી હતી, એક પછી ગઈ પણ બીજી બહેન પરત આવી નહોતી, થોડીવારમાં બોરમાંથી બચાવોનો અવાજ આવવા લાગ્યો હતો. જેથી ઘરના લોકો બહાર દોડી આવ્યા હતા. અને ભાઈએ વાડી માલિકને સમગ્ર બાબતે જાણ કરી હતી.મહત્ત્વની વાત એ છે કે જે બોરવેલમાં યુવતી પડી છે તે બોરવેલ સજ્જડ રીતે બંધ કરેલો હતો. એટલે કે બોરવેલની ઉપર ઊંધુ તગારુ મુકી તેના પર ચાર મોટા ભારે પથ્થરો મુકેલા હતા.

### અમિત શાહને મળ્યા કેપ્ટન અમરિંદર સિંહ

## ખેડૂત આંદોલન સહીતના મુદ્દાઓ પર ચર્ચા, પંજાબની અનેક બાબતો પર ઘડી રણનીતિ

પંજાબ ભાજપના સીનિયર નેતા અને પૂર્વ સીએમ કેપ્ટન અમરિંદર સિંહ ઘણા મહિનાઓ બાદ ફરી રાજકારણમાં સક્રિય થયા છે. તેઓ ગૃહમંત્રી અમિત શાહને મળ્યા હતા. આ બેઠક દિલ્હીમાં થઈ હતી.આ જાણકારી તેમણે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કરીને આપી છે. તેમણે લખ્યું છે કે તેઓ ગૃહમંત્રીને મળ્યા હતા. આ બેઠક દરમિયાન પંજાબના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.ગૃહમંત્રી અમિત શાહ સાથે કેપ્ટન અમરિંદર સિંહની મુલાકાતનો સમય ખૂબ જ મહત્વપૂર્ણ છે. સૂત્રોનું માનીએ તો, ચર્ચાના



મુખ્યત્વે ત્રણ મુદ્દા હતા. એક તો રાજ્યમાં હાલમાં ખેડૂતોનું આંદોલન ચાલી રહ્યું છે. જેને એક વર્ષ પૂર્ણ થવાનું છે. જગજીત સિંહ ડલ્લેવાલ લગભગ ૪૨ દિવસથી આમરણાંત ઉપવાસ પર છે. તેમની તબિયત નાજુક છે. આવી સ્થિતિમાં, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ મુદ્દો પણ બેઠકમાં ઉઠાવવામાં આવ્યો હશે.બીજો મહત્વનો મુદ્દો પક્ષના વડાનો છે. કારણ કે લોકસભા ચૂંટણી બાદ સુનીલ જાખરે પોતાનું રાજીનામું ગૃહમંત્રીને મોકલી આપ્યું હતું. આ સાથે તેમણે પાર્ટીના કાર્યક્રમોથી અંતર બનાવી લીધું હતું.ત્રીજો, રાજ્યમાં એક પછી એક લોકસભા, પંચાયત અને મહાનગરપાલિકાની ચૂંટણીઓ યોજાઈ રહી છે. હવે વિધાનસભાની ચૂંટણીને માત્ર બે વર્ષ જ બાકી છે, આવી સ્થિતિમાં પાર્ટીએ કેવી રીતે આગળ વધવું તે મુદ્દા પર ચર્ચા થઈ છે.આ પહેલા લગભગ બે મહિના અને છ દિવસ પહેલા ૨૫ ઓક્ટોબરે કેપ્ટન અમરિંદર સિંહ અચાનક ખન્ના અનાજ માર્કેટ પહોંચ્યા હતા.

## યુવાન વયે પેટ્રોલ પંપ અને હોટલમાં ધાડ પાડનાર ધાડપાડુઓ વયોવૃદ્ધ થયા બાદ ઝડપાયા

વડોદરા નજીક નેશનલ હાઈવે ઉપર એક પેટ્રોલપંપ તેમજ હોટલ ઉપર પથ્થરમારો કરી ધાડ પાડ્યા બાદ હોટેલ માલિકને ઈજા પહોંચાડી ફરાર થઈ ગયેલી ચડ્ડી બનીયન ગેંગના બે ધાડપાડુઓ ૪૪ વર્ષ બાદ પોલીસે વેશપલટો કરી મહારાષ્ટ્રમાંથી ઝડપી પાડ્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે વડોદરા નજીક આલમગીર ગામ પાસે નેશનલ હાઈવે ઉપર તારીખ ૨૬ એપ્રિલ ૧૯૮૧ના રોજ પાંડે હોટલ તેમજ નજીકમાં આવેલા પેટ્રોલ પંપ ઉપર પથ્થરમારો કરી કેબિનમાં ઘુસી જઈ રોકડ ૧૨,૯૫૨ ની લૂંટ ચડ્ડી બનીયનધારી ટોળકીએ કરી હતી. ધાડપાડુઓએ કેબિનના કાચ તોડી પાડી માર્કંડે રઘુનાથ પાંડે નામના હોટલ માલિકને દંડાથી માર મારી ઈજા પહોંચાડી હતી. આ અંગેનો ગુનો વરણામા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો.

પોલીસે અગાઉ નવ ધાડપાડુંની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. ત્યારબાદ ૧૯૮૪ માં વધુ એક ધાડપાડુને ઝડપી પાડી પુરવણી ચાર્જશીટ કોર્ટમાં મૂકી હતી જ્યારે અન્ય છ ધાડપાડુઓ ફરાર હતા. તેઓ નહીં ઝડપાતા કોર્ટે સીઆરપીસી કલમ ૮૨ મુજબ ફરારી જાહેરનામું બહાર પણ પાડ્યું હતું. દરમિયાન વરણામા પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.જે.વાઘેલાએ ફરાર આરોપીઓને શોધી કાઢવાની કવાયત હાથ ધરી હતી. જેમાં ઉપરોક્ત ગુનાના આરોપીઓ પણ ફરાર હોવાનું જાણવા મળ્યું હતું. વર્ષ ૧૯૮૧માં થયેલી ધાડના ગુનામાં ફરાર આરોપીઓ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના કોટલીખુર્દ ગામે રહે છે

# ડાંગ જિલ્લામાં તારીખ ૧૭ જાન્યઆરીએ યોજાશે 'મેગા લીગલ સર્વિસસ કેમ્પ'



## જિલ્લા કક્ષાએ આયોજિત આ કેમ્પમાં એક જ જગ્યાએથી લાભાર્થીઓને યોજનાઓ અને સેવાઓનો લાભ મળી રહેશે

આગામી તારીખ ૧૭ મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ ડાંગ સ્વરાજ આશ્રમ ખાતે 'મેગા લીગલ સર્વિસસ કેમ્પ' ના આયોજન સંદર્ભે આજરોજ ડાંગ જિલ્લા કલેક્ટર કચેરીના સભા ખંડમાં જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને એક બેઠક યોજાઇ હતી.

જિલ્લામાં યોજાતા ગરીબ કલ્યાણ મેળા અને સેવા સેતુ કાર્યક્રમો જેમાં લોકોને વ્યાપક પ્રમાણે એક જ સ્થળે સરકારી યોજનાઓના લાભ આપવામાં આવતાં હોય છે તેવી જ રીતના પ્રજા અને સરકાર વચ્ચે સેતુરૂપ બની કોર્ટ દ્વારા 'મેગા લીગલ સર્વિસસ કેમ્પ' યોજીને લોકોને સરકારી યોજનાઓનો લાભ આપવામાં આવતો હોય છે. ત્યારે લોકોને સરકારી યોજનાઓના લાભ લેવામાં અગવડતાં ના પડે તે સુનિશ્ચિત કરવા અને આ કેમ્પનું સુવ્યવસ્થિત આયોજન કરવા જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલે તમામ અધિકારીશ્રીઓને સુચનો કર્યા હતા.

સરકાર અને લાભાર્થીઓ વચ્ચે સેતુરૂપ બનવાના ભાગરૂપે સરકારી યોજનાઓથી કોઈ લાભાર્થી વંચિત ન રહે તે માટે નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી દ્વારા સમગ્ર દેશના દરેક જિલ્લામાં લીગલ સર્વિસ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં એક જગ્યાએથી તમામ સરકારી ખાતાઓ દ્વારા ભેગાં થઇ લાભાર્થીઓને સરકારી યોજનાકીય લાભો અને યોજનાની જાણકારી પુરી પાડવામાં આવે છે. આ કેમ્પનો મુખ્ય હેતુ સરકાર અને પ્રજા વચ્ચે સેતુરૂપ બનીને કામગીરી કરવાનો છે.

બેઠકની કાર્યવાહી સંભાળતા નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરલ પટેલે જણાવ્યું હતું કે, તારીખ ૧૭ મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ડાંગ સ્વરાજ આશ્રમ ખાતે યોજાનાર 'મેગા લીગલ સર્વિસસ કેમ્પ' યોજાનાર હોઈ અત્યારથી જ સરકારના તમામ વિભાગો દ્વારા કેમ્પની તૈયારી શરૂ કરે તેમજ દરેક વિભાગો લાભાર્થીઓની યાદી તૈયાર કરે તે જરૂરી છે. આ સાથે જ ફાર્મર રજીસ્ટ્રેશન તેમજ આધાર કાર્ડ અપડેટ કરવાની કામગીરી પણ આ કેમ્પમાં કરવામાં આવનાર હોઈ તે અંગે તમામ તૈયારીઓ પુર્ણ કરવા શ્રી પટેલે જણાવ્યું હતું. વધુમાં યોજનાનો લાભ આપવા માટે લાભાર્થીઓને જરૂરી દસ્તાવેજો રજુ કરવા અને યોજનાનો વધુમાં વધુ લાભ આપવા સાથે આ કેમ્પ અંગે લોકોમાં જાગૃતા ફેલાવા અંગે તેઓએ જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકા એજન્સી નિયામક શિવાજી તબીયાર, પ્રાંત અધિકારી શ્રી કાજલ આબંલીયા સહિતના ઉચ્ચાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી દશા શ્રીમાળી સુખડીઆ (વણિક) જ્ઞાતિ ટ્રસ્ટનો શ્રી રણછોડરાયજી મંદિર તથા શ્રી લક્ષ્મીજી મંદિરના શિખરે ધ્વજાઆરોહણ તથા જ્ઞાતિના વિધાર્થીઓને ઈનામ-વિતરણ સમારંભ ધામધૂમ થી ઉજવાયો

રવિવારે ડાકોર ખાતે પ્રમુખશ્રી રાજેશકુમાર બાપાલાલ સુખડીઆની આગેવાની હેઠળ શ્રી દશા શ્રીમાળી સુખડીઆ (વણિક) જ્ઞાતિ ટ્રસ્ટનો શ્રી રણછોડરાયજી મંદિર તથા શ્રી લક્ષ્મીજી મંદિરના શિખરે ધ્વજાઆરોહણ તથા જ્ઞાતિના વિધાર્થીઓને ઈનામ-વિતરણ સમારંભ ધામધૂમ થી ઉજવાયો.

આજુબાજુના ગામો થી સૌ જ્ઞાતિજનો સવારે સુખડીઆ ભૂવન ડાકોર ખાતે પધાર્યો ત્યાર બાદ વાજતે ગાજતે ધ્વજાજીની શોભાયાત્રા કાઢીને સૌ જ્ઞાતિજનોએ મંદિર માં ધજા ચઢાવી હતી.

બપોરે ભોજન બાદ સમાજના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહન સ્વરુપે ઈનામ વિતરણનો કાયૅક્રમ પુનિત સત્સંગ હૉલમાં યોજાયો જેમાં મોટી સંખ્યામા સમગ્ર જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા... કાયૅક્રમની શરૂઆત ગણેશવંદના તથા રાષ્ટ્ર ગાન દ્વારા કરવામાં આવી હતી, જયા સ્ટેજ ઉપર સમારંભના પ્રમુખ તરીકે શ્રી સંજયભાઈ સુરતવાળા, અતિથિ વિશેષ તરીકે શ્રી નંદકિશોરભાઈ ખંભાતવાળા તથા સયાજીગંજ વડોદરા ના પૂવૅ ધારાસભ્યશ્રી જિતુભાઈ સુખડીઆ તેમજ સૌ ટ્રસ્ટીગણનુ પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યુ સમાજનું ગૌરવ એવા રાજકીય આગેવાન જિતુભાઈનો જન્મ દિવસ હોવાથી તેમને શાલ ઓઢાડીને અભિવાદન કરવામાં આવ્યુ હતું, તથા સમાજના અગ્રણી સોશિયલ એકટિવિસ્ટ તથા સહમંત્રી એવા રાષ્ટ્રિય પત્રકાર ડૉ. હિતેશ સુખડીઆ નું સ્મૃતિ ચિહ્ન આપીને ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતુ

સમાજના સૌથી વયોવૃધ્ધ વડીલ શતકવીર પૂ.શ્રીનટવરદાદાને (વૃંદાવન ડાકોરવાળા) સો વષૅ પૂણૅ થતા સૌ કમિટી ના સભ્યો દ્વારા તેમને નિવાસસ્થાને જઈને શાલ ઓઢાડીને તેમનુ અભિવાદન કરવામાં આવ્યુ

સમગ્ર પ્રોગ્રામનુ સંચાલન ઉપપ્રમુખ રાકેશભાઈ વડોદરા, ખજાનચી નવનીતભાઈ ડાકોર, મંત્રી ગોકુલભાઈ વડોદરા, સહમંત્રી હિતેશભાઈ નડીઆદ તથા ઉત્સવ કમિટીના સુનિલભાઈ બોરસદ દ્વારા સુંદર રીતે પાર પાડવામાં આવ્યુ

સૌ આગેવાનો દ્વારા જ્ઞાતિના વિકાસ માટે તથા વિદ્યાર્થીઓને તેમના ફિલ્ડમાં ઉજ્જ?વળ કારકિર્દી બનાવવાની હાકલ કરવામાં આવી

આ પ્રસંગે સૌ જ્ઞાતિજનોએ મોટી સંખ્યામા ઉમળકાભેર ભાગ લઈએ સામાજિક એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયુ હતું

# ઠાકોર ભાઈ હોલ લો ગાર્ડન ખાતે વિવેક શાહ પ્રોડક્શન દ્વારા પિતા પુત્રી વચ્ચે પ્રેમ અને તકરાર દર્શાવતો ડ્રામા યોજાયો



લો ગાર્ડન ઠાકોર ભાઈ હોલ ખાતે વિવેક શાહ વિવેક શાહ પ્રોડક્શન દ્વારા આયોજિત કાર્યક્રમ મા ગુજરાત ટુરીઝમ ના આર્થિક સહયોગ તેમજ નગર ચશ્મા ઘર .શ્રીજી મધ.હેરિકા મહાભુંગરાજ કેશતેલ. ના સહયોગ પ્રાપત થયેલ આ કાર્યક્રમ મા ગુજરાત સરકાર ના આયોજન પંચ ના અધ્યક્ષ યમલ વ્યાસ. શુધા બેન કાબરા .વૈશાલી દેસાઈ દવારા દીપ પ્રાગટય કરાવી કરાયો હતો આ ડ્રામા મા ટીવી સિરિયલ ના ખ્યાતનામ કલાકારો ના સુંદર અભિનય થી પ્રેક્ષકો મંત્ર મુગ્ધ થય ગયા હતા.

# સ્ટેટ મોનિટરિંગ સેલને મળ્યો અલાયદા પોલીસ સ્ટેશનનો દરજ્જો:ગુજરાતમાં ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ સામે નવી લડાઈનો પ્રારંભ

રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગૃહ વિભાગે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ઓર્ગેનાઇઝ્ડ ક્રાઈમ સામેની લડાઈને વધુ મજબૂત બનાવવા માટે એક નવો અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. પોલીસ ભવન ખાતે કાર્યરત સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)ને ઝીરો બજેટથી અલાયદા પોલીસ સ્ટેશનનો દરજ્જો આપી વિશેષ સત્તાઓ આપવામાં આવી છે. રાજ્યમાં અને રાજ્યની બહાર બનતાં ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબુતરબાજી જેવા રાજયને સ્પર્શતા ગુનાઓના દરોડા પાડી તેના ગુના આ નવા એસ.એમ.સી પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવશે અને તેની તપાસ પણ આ ટીમ દ્વારા કરવામાં આવશે. આ ગુનાઓની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા છ્જીને પણ વર્ષ ૨૦૦૨માં પોલીસ સ્ટેશન જાહેર કરવામાં આવ્યું હતું. હવે જીસ્ઝ દ્વારા છ્જીની જેમ ગુજરાત તેમજ દેશમાં ઓર્ગેનાઈઝડ ક્રાઈમ વિરુદ્ધ સક્રિય રીતે પગલાં લેવામાં સક્ષમ બનશે અને અસરકારક કામગીરી કરશે. ઝડપી અને અસરકારક તપાસઃ સ્થાનિક પોલીસ સ્ટેશન અને જિલ્લા-રેન્જ વડાશ્રીઓની મંજુરીમાંથી મુક્તિ મળતાં તપાસની પ્રક્રિયા ઝડપી બનશે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી થઈ શકશે.રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ગુનાઓની તપાસઃ આ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયેલા ગુજરાતને સ્પર્શતા રાજ્યની બહાર થતા ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબુતરબાજી જેવા ગુનાઓની સ્વાયત્ત તપાસ થઈ શકશે.●સીધુ માર્ગદર્શનઃ સ્ટેટ મોનિટરિંગ સેલને રાજયના પોલીસ વડા શ્રી વિકાસ સહાયનું સીધું માર્ગદર્શન મળશે તેમજ તપાસમાં પણ ગુપ્તતા જળવાઇ રહેશે.

આ નિર્ણયથી ગુજરાતમાં ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ પર અંકુશ આવશે અને રાજ્યને વધુ સુરક્ષિત બનાવવામાં મદદ મળશે.

# ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ખાતર ઉત્પાદન માટે પ્લાન્ટનું નિર્માણ, વાર્ષિક અંદાજિત ૪૦૦૦થી ૫૦૦૦ મેટ્રિક ટન ખાતર બનશે

ગાંધીનગર મહાનગરપાલિકાએ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાના તેના સતત પ્રયાસોમાં વધુ એક મહત્વનું પગલું ભર્યું છે. મહાનગરપાલિકા દ્વારા શહેરની ડમ્પિંગ સાઈટ પર એક ખાતર ઉત્પાદન પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે. જે શહેરના કચરાને ઉપયોગી ખાતરમાં રૂપાંતરિત કરશે. આ પહેલથી શહેરમાં કચરાનું સંચાલન વધુ સારી રીતે થશે અને ખાતરની માગ પણ પૂરી થશે.વિઘટનશીલ કાર્બનયુક્ત સૈન્દ્રીય પદાર્થમાંથી અળસિયા દ્વારા બનતા જૈવિક વર્મીકમ્પોસ્ટ ખાતરનો પ્લાન્ટ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નિર્માણ કરવામાં આવ્યો છે. ડંપિંગ




સાઈટની જગ્યા પરથી ૮૫ હજાર મેટ્રિક ટન કચરાનો નિકાલ કર્યા બાદ જગ્યા ચોખ્ખી કરીને તેનું યોગ્ય પુરાણ કર્યા બાદ અત્યાધુનિક પ્લાન્ટ લગાવવામાં આવ્યો છે. અહિં ઉત્પાદિત થનાર ખાતર ખૂબ જ પોષક તત્વોથી ભરપૂર હશે જેનો ઉપયોગ ખેતી તથા બાગાયતમાં કરી શકાશે. આ ખાતરમાં કુત્રિમ ખાતરની જેમ પેસ્ટીસાઈડસ ન હોવાથી આ ખાતર સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ઉત્તમ હોય છે. ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકના બગીચાઓમાંથી મળતી કચરો, ટ્રિમિંગ વેસ્ટ, ઢોર ડબેથી મળતું છાણ અને શાક-માર્કેટનો કચરો વર્મિકમ્પોસ્ટ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવશે. ગાર્ડન વેસ્ટ અને ઝાડની છાંટણીના કચરાને શ્રેડર મશીન વડે ઝીણા ટુકડાઓમાં કાપવામાં આવશે. આ ટુકડાઓ ગૌમૂત્ર અને ગોબર સાથે મિશ્રણ બનાવી વિન્ડ્રો પદ્ધતિથી ઢગલાં કરવામાં આવશે. આ પ્લાન્ટ ખાતે ૫૮ પીટ કાર્યરત કરવામાં આવશે. આવા ૫૮ પીટમાં ૧ સાયકલ એટલે કે ૪૫ દિવસમાં અંદાજિત ૧૧૬૦ ટન ખાતર તૈયાર થશે. એવી વર્ષની ૬ સાયકલ થઈ શકશે. પરંતુ અસરકારક રીતે ૪ સાયકલ ગણવામાં આવે તો અંદાજિત ૪૦૦૦-૫૦૦૦ મેટ્રિક ટનની મહત્તમ કેપેસિટીમાં ખાતરનું પ્રોડક્શન શક્ય બનશે.

# શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરની અધ્યક્ષતામાં ગળતેશ્વરના વસો ગામ ખાતે સરસ્વતી વિદ્યાલય નવીન શાળા લોકાર્પણ કાર્યક્રમ યોજાયો






આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરની અધ્યક્ષતામાં ગળતેશ્વરના વસો ગામ ખાતે સરસ્વતી વિદ્યાલય નવીન શાળા લોકાર્પણ કાર્યક્રમ યોજાયો. શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે વસો ગ્રામવાસીઓને સરસ્વતી વિદ્યાલય નવીન શાળા માટે શુભેચ્છાઓ આપતા જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા શિક્ષણને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે શરૂ કરાયેલ સર્વ શિક્ષા અભિયાન, નમો સરસ્વતી યોજના, પીએમ શ્રી શાળા, સ્કૂલ ઓફ એક્સેલન્સ શાળા, સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ ઈનોવેશન પોલીસી અને નવી શિક્ષણ નીતિ સહિતના પ્રયાસો દ્વારા ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે સકારાત્મક પરિણામો આવ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે રાજ્યમાં ૨૨,૦૦૦ જેટલા શાળાના ઓરડા, ૧૬,૦૦૦ જેટલી સ્કૂલ ઓફ એક્સેલન્સ, ૪૪૮ જેટલી પી.એમ.શ્રી શાળાના નિર્માણ સહિતના કામો દ્વારા આજે સેલ્ફ ફાઈનાન્સમાંથી સરકારી શાળાઓમાં અભ્યાસ માટે આવતા બાળકોનું પ્રમાણ વધ્યું છે. શિક્ષણ કાર્ય વિશે વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પ્રાથમિક સ્તરથી જ ગુજરાતી ભાષાની વ્યાકરણ શુદ્ધિ પર ધ્યાન આપવું પડશે તથા બાળકોને મોબાઈલના વધુ પડતાં વપરાશથી દૂર રાખવા સૂચન કર્યું હતું. મંત્રીશ્રીએ શિક્ષકોને ફક્ત પુસ્તકિયા શિક્ષણ સુધી સીમિતના રહેતા વિદ્યાર્થીઓમાં કેળવણી સિંચન દ્વારા સમૂહ જીવનની ભાવના નિર્માણ કરવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાતના બાળકો ટેકનોલોજી થી વંચિત ના રહી જાય તે માટે સરકારી શાળાઓમાં કોમ્પ્યુટર લેબ આપવામાં આવી છે. નવી શિક્ષણનીતિ અંતર્ગત વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિક બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે. જેમાં સ્કીલ ડેવલોપમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓને રોજગારવાંછુ માંથી રોજગાર દાતા બનાવવા પર ભાર મૂકવામાં આવશે. સાથે જ આ પ્રસંગે મંત્રીશ્રીએ સરસ્વતી વિદ્યાલયનમાં માધ્યમિક શાળા માટેની મંજૂરી પ્રક્રિયામાં મદદરૂપ થવા ખાતરી આપી હતી.

શિક્ષણ મંત્રીશ્રીએ શાળાના વર્ગખંડોની મુલાકાત લઈ, વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં, મંત્રીશ્રીએ વસોના શહીદ શ્રી સંજય પટેલ સ્મારકને સુતરની આંટી પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ અવસરે પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી પરેશ વાઘેલાએ ખેડા જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ વિશે માહિતી આપી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે હાલ ખેડા જિલ્લામાં કુલ ૬૭૪ જેટલી સ્કૂલ ઓફ એકસેલન્સ, ૨૦ જેટલી પી.એમ.શ્રી શાળાઓથી વિદ્યાર્થીને અસરકારક શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. વધુમાં ખેડામાં ચાલી રહેલ શિક્ષક બદલી કેમ્પ બદલ મંત્રીશ્રીના માર્ગદર્શનનો આભાર માન્યો હતો.

કાર્યક્રમ અંતર્ગત દાતા શ્રી રમેશભાઈ પટેલનું કે જેમણે વતન પ્રેમનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી શિક્ષણકાર્ય માટે રૂ. ૪ કરોડનું દાન આપ્યું છે અને તેમના પત્ની શ્રી કલાબેન પટેલનું મંત્રીશ્રીના હસ્તે ફૂલહાર કરી, શાલ ઓઢાડીને સન્માન પત્ર સાથે સન્માન કરવામાં આવ્યું. સાથે જ વસો ગામના રમત, કલા, શિક્ષણ અને આર્મી સહિતના ક્ષેત્રે દેશ સેવા માટે કામગીરી કરનાર તમામનું મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે માતૃભૂમિ ચેરિટી ફાઉન્ડેશનના પ્રમુખ અને દાતાશ્રી રમેશભાઈ પટેલે બાળ કૌશલ્ય, કેળવણી અને જીવન વિકાસમાં શિક્ષણના મહત્વની વાત કરી ગામના વાલીઓને તેમના બાળકો અને ખાસ કરીને કન્યાઓને શિક્ષણ અપાવવા ખાસ અનુરોધ કર્યો હતો. સાથે જ શાળા નિર્માણના કાર્યમાં સાથ આપનાર સૌ પરિવારજનો, મિત્રો, ગ્રામજનો અને સરકારનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે ઠાસરા ધારાસભ્ય શ્રી યોગેન્દ્રસિંહ પરમારે સરસ્વતી વિદ્યાલયમાં ધોરણ ૯ અને ૧૦ સુધીનું માધ્યમિક શિક્ષણ કાર્ય ચાલુ કરવાની પ્રક્રિયામાં મદદરૂપ થવા મંત્રીશ્રીને અનુરોધ કર્યો હતો. પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી નયનાબેન પટેલે અને અગ્રણીશ્રી હસમુખ પટેલે ગ્રામજનો અને શાળા પરિવારને નવ નિર્મિત શાળા ભવનની વ્યવસ્થાઓની જાળવણી અને જતન કરવા અનુરોધ કર્યો હતો. સાથે જ વસો ગ્રામવાસી શ્રી ગુલામ હુસેન મલિકે નવા શાળા ભવન થી ગામના બાળકો માટે સ્માર્ટ ક્લાસ અને ટેકનોલોજી યુક્ત શિક્ષણની સુવિધાઓ બદલ દાતાશ્રી રમેશભાઈ પટેલનો આભાર માન્યો હતો.આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત ઠાસરા ધારાસભ્ય શ્રી યોગેન્દ્રસિંહ પરમાર, જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ.ડી. વસાવા, પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી પરેશ વાઘેલા, પ્રાંત અધિકારી શ્રી કરણ પ્રજાપતિ, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી કલ્પેશ રાવલ, માતૃભૂમિ ચેરીટી ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રમુખ અને દાતાશ્રી રમેશભાઈ પટેલ, શ્રીમતી કલાબેન રમેશભાઈ પટેલ, પૂર્વ પ્રમુખશ્રી નયનાબેન પટેલ, પૂર્વ જિલ્લા પ્રોજેક્ટ એન્જિનિયરશ્રી, સહિત સમગ્ર તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ, શિક્ષણ સંઘના હોદ્દેદારો, સરસ્વતી વિદ્યાલયના તમામ સ્ટાફગણ, અગ્રણીઓ, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.